# BUSINESS મિત્ર

# આઇટી શેરોમાં કડાકો: સેન્સેક્સ ૬૦૭ પોઇન્ટ તૂટ્યો

**ગ્લોબલ** કંપની એક્સેન્ચરના નબળા ગાઇડન્સની ભારતીય આઇટી સેક્ટર પર નેગેટિવ અસર; મિડકેપ-સ્મોલકેપમાં ખરીદીથી માર્કેટ બ્રેડથ પોઝિટિવ

**નિફ્ટીએ** 24000 પોઇન્ટની સપાટી જાળવી રાખી

### રૂપિયો સપાટ બંધ

અમદાવાદ, તા. 19: ક્રુડ ઓઇલમાં ઘટાડો આગળ વધ્યો હોવાથી રૂપિયામાં પણ શરૂઆતમાં સુધારો આગળ વધ્યો હતો, પણ છેલ્લે નજીવા સુધારા સાથે સપાટ બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો એક પૈસા સુધરીને 94.33ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.41, પાઉન્ડ 124.10, કેનેડિયન ડોલર 66.89, ઓસ્ટ્રેલિયન ડોલર 66.02, જાપાનીઝ યેન 0.5851 અને સીંગાપોર ડોલર 73.11ના સ્તરે બંધ રહ્યો હતો.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 94.32 રૂ. |
| યુરો | 108.41 રૂ. |
| પાઉન્ડ | 124.10 રૂ. |
| યેન | 0.5851 રૂ. |

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 19:** વૈશ્વિક ટેકનોલોજી કંપની એક્સેન્ચરના પરિણામો અને તેના નબળા ગાઇડન્સની અસર ભારતીય આઇટી કંપની ઉપર પડી હતી અ શરૂઆતમાં આઇટી શેરોમાં 6 ટકા તૂટયા હતા. એક્સેન્જરે નાણાકીય વર્ષ 2026ની આવક વૃદ્ધિ આગાહીને ઘટાડી અને પશ્ચિમ એશિયા સંબંધિત પડકારોથી ઉદભવતા સંભવિત આવકના જોખમો દર્શાવતા સેન્ટિમેન્ટ બનળું પડયું હતું. વધુમાં, ફેડરલ રિઝર્વના નીતિગત વલણ વચ્ચે રોકાણકારો સાવચેત રહ્યા હતા. સતત ફુગાવાની ચિંતાઓ અને બજારના સેન્ટિમેન્ટ પર લાંબા સમય સુધી વ્યાજદરો ઉંચા રહેવાની અપેક્ષા છે. જોકે, બજાર દિશાત્મક સંકેતો માટે ચોમાસાનો વિકાસ, એફઆઈઆઈની પ્રવૃત્તિ અને ફુગાવાના વલણો પર નજીકથી નજર રાખશે. જેના લીધે નિફ્ટી 24000 પોઇન્ટની સપાટી જાળવી રાખી હતી.

સેકટર વાઇઝ જોઇએ તો આઇટી, ઓઇલ એન્ડ ગેસ તથા રિયલ્ટી શેરોમાં નફાવસુલી જોવા મળી હતી, જ્યારે ફાર્મા, મીડિયા અને મેટલ શેરોમાં તેજી જોવા મળી હતી. કોમોડીટીઝ બજારમાં બ્રેન્ટ ક્રુડ 39 સેન્ટ એટલે કે 0.49 ટકા ઘટીને 79.46 ડોલરના સ્તરે બંધ રહ્યા હતા. કરન્સી બજારમાં રૂપિયો સુધારો જોવાયો હતો.

### એક્સેન્ચરના નબળા ગાઇડન્સથી ભારતીય IT શેરોમાં ખળભળાટ

મુંબઇ, તા. 19: ભારતીય આઇટી શેરો ખુલતાની સાથે જ વેચાણનું દબાણ જોવાયું હતું. દિગ્ગજ આઇટી કંપની એકસેન્ચરે તેની આવક વૃદ્ધિની આગાહીમાં ઘટાડો થયો તો અ વૈશ્વિક તકનીકી ખર્ચમાં પુન: પ્રાપ્તિની ગતિ અંગે ફરીથી ચિંતા ઉભી થઇ છે. જેના લીધે સવારે નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 5.8 ટકા ઘટ્યો હતો. જેમાં ઇન્ફોસીસમાં ભારે વેચવાલીના દબાણે બાવન વીકની નીચે સરકી ગયો હતો. જેની અસર સમગ્ર શેરબજાર ઉપર જોવા મળી હતી. લાર્જકેપ અને મિડકેપ ઇન્ડેક્સમાં સૌથી ખરાબ દેખાવ કરનારી કંપનીઓની યાદીમાં આઇટી શેરોનું વર્ચસ્વ છે. નિફ્ટીમાં સૌથી વધુ ઘટાડો ધરાવતી પાંચ કંપનીઓ ટેકનીકલ સેકટરની જોવા મળી છે. જ્યારે બીએસઇ મિડકેપ ઇન્ડેક્સમાં સૌથી વધુ નુકશાન પહોંચડનારી ટોચની 10 કંપનીઓમાં 7 આઇટી કંપનીનો સમાવેશ થાય છે. ગ્લોબલ ટેકનોલોજી સર્વિસ કંપની એક્સેન્ચરે તેની નાણાકીય વર્ષ 2026ની આવક વૃદ્ધિ માર્ગદર્શિકામાં ઘટાડો કર્યો છે. કંપનીનું કહેવું છે કે પશ્ચિમ એશિયાની કમાણીમાં ઘટાડાથી કંપનીની કમાણી પર વધુ દબાણ આવી શકે છે.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -607.08 | 76802.90 |
| નિફ્ટી | -154.90 | 24013.10 |
| બેન્ક નિફ્ટી | 278.05 | 57685.75 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.22 | 264.30 |
| ભારતી એરટેલ | 1.92 | 1910.80 |
| પાવરગ્રીડ | 1.23 | 292.25 |
| એનટીપીસી | 1.06 | 365.80 |
| નેસલે ઇન્ડિયા | 1.03 | 1414.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 6.75 | 1051.40 |
| ટીસીએસ | 3.55 | 2125.00 |
| ટેક મહિન્દ્રા | 2.63 | 1409.60 |
| એચસીએલ ટેકનો | 2.59 | 1131.70 |
| એચડીએફસી બેન્ક | 2.40 | 779.80 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.22 | 264.30 |
| ભારતી એરટેલ | 1.92 | 1910.80 |
| પાવરગ્રીડ | 1.23 | 292.25 |
| એનટીપીસી | 1.06 | 365.80 |
| નેસલે ઇન્ડિયા | 1.03 | 1414.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 6.75 | 1051.40 |
| ટીસીએસ | 3.55 | 2125.00 |
| ટેક મહિન્દ્રા | 2.63 | 1409.60 |
| એચસીએલ ટેકનો | 2.59 | 1131.70 |
| એચડીએફસી બેન્ક | 2.40 | 779.80 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૯૮૧૦ |
| તેજાબી સોનું | ૧૪૯૭૨૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૨૩૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૬૮૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૯૮૧૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૧૫૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફલાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

# રજીસ્ટ્રેશન કેન્સર થતાં ટ્રસ્ટોમાં નારાજગી

ઈન્કમટેક્ષમાં 1-4-2021થી ચેરીટેબલ ટ્રસ્ટોને કરમુક્તિ માટે કલમ-12Aના રીન્યુઅલ રજીસ્ટ્રેશન લેવા માટે અરજીઓ કરવાનું ફરમાન કરવામાં આવ્યું જેના અનુસંધાને હજ્જારો ટ્રસ્ટોએ ફરીથી જહેમત ઉઠાવવી પડી અને કેટલાંય ટ્રસ્ટો ડેડલાઈન ચૂકી જતાં સમય સમયે તારીખ લંબાવવામાં આવી. નવા પ્રાવધાન મુજબ પ્રોવિઝનલ અને ફાયનલ એમ બે રજીસ્ટ્રેશન આપવામાં આવ્યા. જેમાં પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન 3 વર્ષો માટે અને ફાયનલ રજીસ્ટ્રેશન 3 વર્ષો માટે અને ફાયનલ રજીસ્ટ્રેશન 5 વર્ષો માટે આપવામાં આવ્યા. આ વ. 2022-23 થી આ.વ. 2026-27ના વર્ષો માટે અમલી રહ્યુ અને તા. 31-3-2026ની અવધિ પૂર્ણ થયાના 6 મહિના પહેલા એટલે કે 30-9-2025 સુધીમાં આ ટ્રસ્ટોએ રીન્યુઅલ અરજી કરવાની હતી. ઘણાં ટ્રસ્ટો આ અવધિપણ ચૂકી ગયા હતા. કમિશનર (E) તરફથી સ્પષ્ટતા માંગતો પત્ર મળે છે.

**બિનજરૂરી સવાલોનો મારો**

(1) પત્રના અનુસંધાન એટલું જ લખવામાં આવે છે કે જવાબ અપૂરતાં છે, પ્રવૃત્તિઓ (Activities)નો રીપોર્ટ આપ્યો નથી તેથી રીન્યુઅલ રજીસ્ટ્રેશન કેન્સર કરવામાં આવે છે.

(2) કલમ-12A ની સાથે 80Gની અરજી કરવામાં આવે છે જેમાં અલગથી જવાબ મંગાવો તો નથી અને 12Aની સાથે સાથે 80G પણ કેન્સલ કરવામાં આવે છે.

(3) 6 મહિના પહેલાં થી રીન્યુઅલ અરજી કરવાનું ઘણાં ટ્રસ્ટો ચૂકી ગયા છે તેઓને ડિલે-કોન્ડોન (વિલંબ માફ)ની તક આપ્યા વિના રજીસ્ટ્રેશન કેન્સર કરવામાં આવે છે.

(4) પોર્ટલ ઉપર છેલ્લામાં છેલ્લી (Latest) વિગતો અપડેટ થઈ નહિ હોય નોટીસ મળતી નથી તેઓને રજીસ્ટર્ડ પોસ્ટથી નોટીસ મોકલીને એક તક આપવી જરૂરી. જેથી પોર્ટલ ઉપર સાચો મેઈલ નંબર મોકલીને ભવિષ્યમાં નોટીસો મેળવી શકે.

(5) પ્રવૃત્તિઓના હેવાલ સાથે ફોટાઓ અપલોડ કરવાની તથા અન્ય બિનજરૂરી વિગતો માંગવાની માથાફોડી કરવાને બદલે કાયદા મુજબની બે શરતો જેવી કે સાચી અને યથાર્થ પ્રવૃત્તિ (Genuine) અને અન્ય કાયદાઓ હેઠળ કોઈ ભંગ થયો નથી. તથા પ્રવૃત્તિઓ ટ્રસ્ટના ઉદ્દેશ્યને અનુરૂપ (Objects) ને અનુરૂપ છે. એટલુ ઓડિટ રીપોર્ટને આધારે સાબિત થઈ જાય છે.

**ટેક્સ ટ્વિટર** — **વિરેશ રૂદલાલ**

(6) કેટલાક કેઈસોમાં ટ્રસ્ટના બિલ્ડીંગના ફોટાઓ મોકલ્યા નહિ હોવાથી રજીસ્ટ્રેશન કેન્સલ કર્યા છે.

(7) ટ્રસ્ટો વાણિજ્યિક (commercial) પ્રવૃત્તિ કરે છે. અથવા ટ્રસ્ટ ડીડમાં બિન-રદબાતલ (Irrevocable) શબ્દો નહિ હોવાથી રજીસ્ટ્રેશન કેન્સલ થયા છે. મુંબઈ હાઈકોર્ટે તા. 9-3-2026ના રોજ એક રીટ પીટીશનમાં ટ્રસ્ટો તરફે ચૂકાદો આપ્યો હતો.

(8) 2-3 લાખનું કોરપસ ધરાવતાં નાના ટ્રસ્ટોને બિનજરૂરી અમદાવાદ બોલાવે છે.

**ટ્રસ્ટોએ શું કરવું?**

ટ્રસ્ટોના રજીસ્ટ્રેશન આડેધડ કેન્સલ થવાથી ટ્રસ્ટીઓ, અને કન્સલ્ટન્ટોની નારાજગી વધી ગઈ છે. વળી રજીસ્ટ્રેશન રિજેકશન લેટરમાં કલમ-115 T D મુજબ એક્ઝીટ ટેક્ષની ધમકી આપવામાં આવે છે. એટલું જ નહિ ખર્ચાઓ બાદ આપ્યા સિવાય સંપૂર્ણ આવક ઉપર 30% ટેક્ષ અને મિલકતની બજાર કિંમત અને ચોપડે કિંમતના તફાવત ઉપર ટેક્ષ વસુલવાનું ફરમાન છોડયું છે.

- કમિશનર (E)માંથી નોટીસ નહિ મળવાને કારણે અથવા અન્ય કારણસર વિગતો અપલોડ કરવાનું ચૂકાય ગયું છે. એ સંજોગોમાં રિજેકશન લેટરના અનુસંધાને વિગતો, ફોટા, વિગેરે અપલોડ કરવાના વન-ટાઈમ રિડ્રેસલ વિન્ડો ખોલીને તક આપવી જોઈએ. જેથી કરદાતા ટ્રીબ્યુનલ અપીલથી બચી શકે.

જે રજીસ્ટ્રેશન 5 વર્ષો માટે આપ્યા છે અને પાછલા બે વર્ષોના ટર્ન ઓવર 5 કરોડથી ઓછા હોય તેને 10 વર્ષોના આપવા જોઈએ.

### અન્ય વિલંબ માફની અરજીઓ

કેટલાંક ટ્રસ્ટોમાં ઓડિટ રીપોર્ટ ફોર્મ નં. 10B તથા 10BB સમયસર ભરી શકાયા નહિ હોય કરમુક્તિ આપી નથી. ટ્રસ્ટના રીટર્નો તથા અન્ય પ્રોસીજરલ ફોર્મ-નં. 9A અને 10માં પણ વિલંબ માફની અરજીઓ લાંબા સમયથી નિકાલ થતી નથી અથવા આડેધડ રિજેક્ટ થાય છે જેમાં હાઈકોર્ટ સમક્ષની ખર્ચાળ કાર્યવાહીમાંથી પસાર થવું પડે છે. કારણકે ટ્રીબ્યુનલ અપીલનો રસ્તો બંધ છે.

# મુકેશ અંબાણીએ રજૂ કર્યો ભવિષ્યનો રોડમેપ

**AI, ગ્રીન** એનર્જી અને સેટેલાઇટ બ્રોડબેન્ડ પર રહેશે ધ્યાન

મુંબઈ, તા. ૧૯(PTI): અબજોપતિ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ શુક્રવારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના વિકાસના આગામી તબક્કા માટે એક વ્યાપક રોડમેપ રજૂ કર્યો છે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI), સેટેલાઇટ બ્રોડબેન્ડ, ક્લીન એનર્જી અને કન્ઝ્યુમર બિઝનેસનો સમાવેશ થાય છે.

રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ કંપનીની ૪૯મી વાર્ષિક સામાન્ય સભા(AGM)માં શેરધારકોને જીયો પ્લેટફોર્મ્સની આગામી આઈપીઓ અંગેની તૈયારી અંગે માહિતી આપી હતી. મુકેશ અંબાણીએ વાર્ષિક સભાનો ઉપયોગ રિલાયન્સના આગામી પેઢીના ગ્રોથ એન્જિનની રૂપરેખા આપવા માટે કર્યો હતો, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એક મુખ્ય સ્તંભ તરીકે ઉભરી આવ્યું છે. ગ્રૂપના AI સાહસ 'રિલાયન્સ ઈન્ટેલિજન્સ'ની જાહેરાતના એક વર્ષ પછી, અંબાણીએ જણાવ્યું હતું કે કંપની હવે પ્લાનિંગથી અમલીકરણ તરફ આગળ વધી રહી છે.

**'રિલાયન્સ ઈન્ટેલિજન્સ' દ્વારા AI ક્ષેત્રે મોટું કદમ**

કંપની તેના AI સાહસ 'રિલાયન્સ ઈન્ટેલિજન્સ' હેઠળ હવે પ્લાનિંગથી અમલીકરણ તરફ આગળ વધી રહી છે. ભારત માટે ખાસ AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્લેટફોર્મ વિકસાવવા રિલાયન્સે ગૂગલ, મેટા અને એનવીડિયા (Nvidia) જેવી વૈશ્વિક જાયન્ટ્સ કંપનીઓ સાથે ભાગીદારી કરી છે. આ ઉપરાંત, ટેરેસ્ટ્રિયલ નેટવર્કની બહાર કનેક્ટિવિટી વધારવા સેટેલાઇટ બ્રોડબેન્ડ સેવા શરૂ કરાશે અને ૨૦૩૦ સુધીમાં જિયોના તમામ ગ્રાહકોને 5G પર માઈગ્રેટ કરવાનો લક્ષ્યાંક છે.

### રિલાયન્સમાં નેતૃત્વ પરિવર્તન: નવી પેઢીએ સંભાળ્યો કંપનીનો રોજીંદો વહીવટ

આ વાર્ષિક સભામાં ભારતની સૌથી મૂલ્યવાન કંપનીમાં ઉત્તરાધિકાર અંગે અત્યાર સુધીનું સૌથી સ્પષ્ટ અપડેટ પણ આપવામાં આવ્યું હતું. મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે, રિલાયન્સમાં રોજિંદા મેનેજમેન્ટની પેઢીગત બદલી લગભગ પૂર્ણ થઈ ગઈ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ઇશા અંબાણી હવે કન્ઝ્યુમર બિઝનેસનું નેતૃત્વ કરે છે, આકાશ અંબાણી ટેક્નોલોજી કામગીરી સંભાળે છે, અને અનંત અંબાણી ગ્રૂપના એનર્જી બિઝનેસના વડા છે, જ્યારે સંસ્થામાં યુવા એક્ઝિક્યુટિવ્સની એક નવી ટીમને તૈયાર કરવામાં આવી રહી છે. રોકાણકારો માટે, આ પરિવર્તન એક મહત્ત્વપૂર્ણ વળાંક પર આવ્યું છે કારણ કે રિલાયન્સ અશ્મિભૂત ઈંધણની દિગ્ગજ કંપનીમાંથી ટેલિકોમ્યુનિકેશન્સ, ડિજિટલ સેવાઓ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રિટેલ, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ અને ક્લીન એનર્જી ધરાવતા વૈવિધ્યસભર કોંગ્લોમેરેટમાં રૂપાંતરિત થઈ રહી છે.

### FSSAIએ સફોલા, કિન્ડર જોય અને રો પ્રેસરી સહિતની કંપનીઓને ફટકારી નોટિસ

મુંબઈ, તા. 19 : દેશની સર્વોચ્ચ ખાદ્ય નિયામક સંસ્થા FSSAI (ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) એ પેકેજ્ડ ફૂડ, ડેરી અને પીણાં બનાવતી અગ્રણી કંપનીઓ વિરુદ્ધ કડક વલણ અપનાવ્યું છે. ગ્રાહકોની ફરિયાદો, બ્રાન્ડિંગમાં ગેરમાર્ગે દોરનારા દાવા અને લેબલિંગની ખામીઓને કારણે સફોલા, કિન્ડર જોય, રો પ્રેસરી અને પ્લક્ક જેવી જાણીતી બ્રાન્ડ્સને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે. FSSAIના જણાવ્યા અનુસાર, ઘણી કંપનીઓ પ્રોડક્ટ વેચવા માટે નિયમોનું ઉલ્લંઘન કરી રહી છે. જેમ કે, 'પ્લક્ક' બ્રાન્ડે મેંગો જ્યુસ પર 'નો એડેડ સુગર' (વધારાની ખાંડ વિનાનું) લખ્યું હતું, જ્યારે તેમાં કેરીના પલ્પ સાથે શેરડીનો રસ ઉમેરાયો હતો. તેવી જ રીતે, કિન્ડર જોય પર 'રિચ ઇન મિલ્ક સોલિડ્સ' અને માસ્ટરચાઉ પર '૧૦૦% નેચરલ' જેવા ભ્રામક દાવાઓ કરવામાં આવ્યા હતા. મેરિકો લિમિટેડના સફોલા ગોલ્ડ ઓઈલ પરના હેલ્થ ક્લેઈમ અને પનીર પર 'નેચરલ' શબ્દના ખોટા ઉપયોગ સામે પણ નિયમનકારે વાંધો ઉઠાવ્યો છે. આ ઉપરાંત સ્વચ્છતાના માપદંડો પર પણ સવાલો ઉભા થયા છે. IRCTCની કેટરિંગ સેવામાં ફંગસવાળું દહીં-રબડી સપ્લાય કરવા બદલ પરમ ડેરીને અને રસોડામાં સ્ટાફની બેદરકારી બદલ બીકાનેરવાલાને પણ નોટિસ અપાઈ છે.

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૬ | ૪ | ૯ | | ૩ | ૨ | ૫ |
| ૯ | ૫ | ૩ | | ૧ | | | ૪ | ૭ |
| | | | ૫ | | ૮ | ૬ | ૯ | |
| ૫ | | ૮ | | ૨ | ૯ | ૭ | | ૩ |
| ૬ | ૯ | | | | | | ૧ | |
| ૭ | | ૧ | | | | | ૮ | ૨ |
| | | ૫ | ૩ | | ૨ | ૧ | ૭ | |
| ૩ | | ૯ | ૭ | | | ૪ | ૫ | ૬ |
| ૧ | | | | ૪ | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

**દરાજ**

કુંવાડીઆના અને લીમડાના પાન, લીંબુ ના રસમાં વાટી રોજ ત્રણ થી ચાર વાર લગાડો તો દરાજ મટે છે.

### આજનું પંચાંગ

**તા. 20/06/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** સુદ છઠ : 15:47, સ્કંદ ષષ્ઠી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 30
**યોગ :** વ્રજ **કરણ:** ગર
**નક્ષત્ર :** મઘા: 09:26 પછી પૂ.ફા. **રાશિ:** સિંહ (મ,ટ)
**દિવસ :** અશુભ-મહારાણી લક્ષ્મીબાઈ નિર્વાણદિન-મંગળ વૃષભમાં 24:01
**સુરતમાં સૂર્યોદય :** 05:59 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:21
**નવકારસી :** 06:47
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 10મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો ચોથો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે:- 09.30 થી 11.00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ):** કરિયર કે અન્ય રોકાણ માટે કોઈની સલાહ લેવી નહીં. વિદ્યાર્થીઓને યોગ્ય તક મળે. પ્રિયજન સાથે મુલાકાત થાય.

**વૃષભ(બ,વ,ઉ):** વ્યવસાય માટે નવી યોજના બને. પરિવારના વડીલોના આરોગ્યના પ્રશ્નો સતાવે. કાયદાકીય મદદ મળે.

**મિથુન (ક,છ,ઘ):** દિવસની શરૂઆત શુભ સમાચારથી થાય. કાર્યની સફળતા ઉત્સાહિત રાખશે. પરિવારનો સાથ મળે.

**કર્ક (ડ,હ):** મહેમાનોનું આગમન વધશે. તમારી નોકરીમાં ફેરફાર કે બદલીની શક્યતા રહે. પરિવાર સાથે સામાજિક કામ થાય.

**સિંહ (મ,ટ):** ધાર્મિક કાર્યક્રમમાં જવાનું બને. સંતાનોના કામ અને આરોગ્યની ચિંતા સતાવે. અટવાયેલા કામમાં સફળતા મળે.

**કન્યા (પ,ઠ,ણ):** શારીરિક અને માનસિક થાકનો અનુભવ વધશે. રોજના કામમાં તણાવ રહે. આર્થિક વ્યવહારમાં સાવધાન.

**તુલા (ર,ત):** આરોગ્યની ચિંતા અને ખર્ચ સતાવશે. ધર્મકાર્યમાં શાંતિ મળે. ચોર-લૂટારુંથી સાવધાન રહેવું.

**વૃશ્ચિક (ન,ય):** કામકાજની જગ્યાએ લાગણીઓથી દૂર રહેવું. નવી નોકરીની તક મળશે. હાથ ધરેલાં કામ પાર પડશે.

**ધન (ભ,ધ,ફ,ઢ):** રચનાત્મક કાર્યોમાં યશ થાય. ઉત્સાહજનક વાતાવરણમાં કામ કરવાનું મળે. ઉપરી વર્ગનો સાથ મળે.

**મકર (ખ,જ,):** કોઈ મહત્ત્વના કામમાં ફેરફાર કરવાનું ટાળવું તથા કોઈની વાતોમાં નિર્ણય બદલવા નહીં. મન અશાંત રહેશે.

**કુંભ (ગ,સ,શ,ષ):** સરકારી કામમાં પ્રગતિ થાય. કોર્ટકાર્યમાં અનુકૂળતા રહે. પરિવારનો સાથ મળે. આવત વઝાકવાની તક મળે.

**મીન (દ,ચ,ઝ,થ):** કોઈ પણ બાબતે ઉતાવળિયા નિર્ણય કે પ્રતિક્રિયા આપવાનું ટાળવું. આરોગ્યનું ધ્યાન રાખવું.

### કોઈ પણ સાલમાં 20 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમાંથી નવી તકો પેદા કરનાર રહેશે. નોકરીમાં પ્રમોશન થાય. સરકારી નોકરીની તક મળે. સમાજમાં માન વધે. આર્થિક બાબતે પ્રગતિ થાય.ઉઘરાણી આવવાથી રોકાણ થાય. નોકરીધંધા વગેરેમાં ટેકનોલોજીનો લાભ મળે અને હરીફોથી અશાંતિ. સરકારી કામ કોર્ટ, કચેરીમાં મદદ અને અનુકૂળતા વધશે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહની શકયતા રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના સફળ બનશે. વિદેશના કામમાં ચડતીપડતી રહે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. નવી ટેકનોલોજીથી લાભ થાય. સંતાનોના કરિયર-અભ્યાસમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં ગતિ આવે. આવક વધારવાની યોજનામાં મિત્રો વડીલોના સાથ મળે. આરોગ્ય સામાન્ય રહે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ, ગુરુવાર, 2, 11, 20, 29 તારીખે નવાં કામ કરવા. સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ કરતાં રહેવું. જાન્યુઆરી, ફેબ્રુઆરી મંગળ-બુધવાર 05,08 તારીખે નવા કામ ટાળવાં કાળા અને લીલા રંગનો ઉપયોગ ટાળવો. સોમવારનો ઉપાય કરતાં રહેવું.


THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES NOR IS IT A PROSPECTUS ANNOUNCEMENT. **NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA.**

INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES OF STEAMHOUSE INDIA LIMITED ON THE MAIN BOARD OF THE BSE LIMITED ("**BSE**") AND THE NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED ("**NSE**", AND TOGETHER WITH BSE, THE "**STOCK EXCHANGES**") IN COMPLIANCE WITH CHAPTER II AND II-A OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("**SEBI ICDR REGULATIONS**")

**PUBLIC ANNOUNCEMENT**

(Please scan this QR code to view the UDRHP-I)

**STEAMHOUSE INDIA LIMITED**

Our Company was originally incorporated as 'Ankleshwar Eco Energy Limited' at Surat, Gujarat, as a public limited company under the Companies Act, 2013, pursuant to a certificate of incorporation dated June 10, 2015, issued by the Registrar of Companies, Gujarat, at Ahmedabad. Subsequently, the name of our Company was changed from 'Ankleshwar Eco Energy Limited' to 'Steamhouse India Limited' pursuant to resolutions passed by our Board and Shareholders dated July 30, 2021 and September 6, 2021, respectively, and a fresh certificate of incorporation was issued by the Registrar of Companies, Gujarat, at Ahmedabad on September 28, 2021. For details of change in the registered office of our Company, see ***"History and Certain Corporate Matters - Changes in our Registered Office"*** on page 327 of the updated draft red herring prospectus - I dated December 8, 2025 ("**UDRHP- I**").

**Corporate Identity Number:** U40300GJ2015PLC083493; **Website:** https://steamhouse.in;
**Registered and Corporate Office:** Office No. - 324, Second Floor, Four Point, V.I.P. Road, Vesu, Surat - 395007, Gujarat, India **Telephone:** +91 261 2998109
**Contact Person:** Shyam Bhadresh Kapadia, Company Secretary and Compliance Officer; **Telephone:** +91 261 2998109; **E-mail:** compliance@steamhouse.in

**OUR PROMOTERS: VISHAL SANWARPRASAD BUDHIA, RITU BUDHIA, VSB BUSINESS TRUST, BUDHIA BUSINESS TRUST AND VB BUSINESS TRUST**

**INITIAL PUBLIC OFFERING OF UP TO [•] EQUITY SHARES OF FACE VALUE OF ₹2 EACH ("EQUITY SHARES") OF STEAMHOUSE INDIA LIMITED (OUR "COMPANY" OR THE "COMPANY") FOR CASH AT A PRICE OF ₹[•] PER EQUITY SHARE ("OFFER PRICE") AGGREGATING UP TO ₹ 4,250.00 MILLION (THE "OFFER") COMPRISING A FRESH ISSUE OF UP TO [•] EQUITY SHARES OF FACE VALUE OF ₹2 EACH AGGREGATING UP TO ₹ 3,450.00 MILLION (THE "FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO [•] EQUITY SHARES OF FACE VALUE OF ₹2 EACH AGGREGATING UP TO ₹ 800.00 MILLION (THE "OFFER FOR SALE"), CONSISTING OF UP TO [•] EQUITY SHARES OF FACE VALUE OF ₹2 EACH AGGREGATING UP TO ₹ 800.00 MILLION BY THE PROMOTER SELLING SHAREHOLDER (AS DEFINED HEREINAFTER) AND SUCH EQUITY SHARES, THE "OFFERED SHARES").**

**NOTICE TO INVESTORS - CORRIGENDUM TO THE UPDATED DRAFT RED HERRING PROSPECTUS - I DATED DECEMBER 8, 2025**

This corrigendum dated June 19, 2026 **("Corrigendum")** is with reference to the updated draft red herring prospectus -I dated December 8, 2025 **("UDRHP-I")** filed by our Company with the SEBI and Stock Exchanges, in relation to the Offer. In this regard, attention of investors is drawn to the following statement disclosed on the cover pages and in the sections titled *"Definitions and Abbreviations"*, *"Offer Document Summary"*, *"The Offer"*, *"Capital Structure"* and *"Objects of the Offer"* on pages 6, 7, 22, 32, 94, 110 and 134, respectively of the UDRHP-I, which shall be read as mentioned hereunder:

*"Our Company, in consultation with the BRLM, may consider an issue of specified securities, as may be permitted under the applicable law, aggregating up to ₹500.00 million, at its discretion, between the date of filing of this Updated Draft Red Herring Prospectus – I and prior to filing of the Red Herring Prospectus. The Pre-IPO Placement, if undertaken, will be at a price to be decided by our Company, in consultation with the BRLM. If the Pre-IPO Placement is completed, the amount raised pursuant to the Pre-IPO Placement will be reduced from the Fresh Issue, subject to compliance with Rule 19(2)(b) of the SCRR. The Pre-IPO Placement, if undertaken, shall not exceed 20% of the size of the Fresh Issue. Prior to the completion of the Offer, our Company shall appropriately intimate the subscribers to the Pre-IPO Placement, prior to allotment pursuant to the Pre-IPO Placement, that there is no guarantee that our Company may proceed with the Offer or the Offer may be successful and will result into listing of the Equity Shares on the Stock Exchanges. Further, relevant disclosures in relation to such intimation to the subscribers to the Pre-IPO Placement (if undertaken) shall be appropriately made in the relevant sections of the Red Herring Prospectus and the Prospectus."*

The information in this Corrigendum supplements and updates the information in the UDRHP-I and the above changes are to be read in conjunction with the UDRHP-I and accordingly, relevant references in the UDRHP-I stand updated pursuant to the disclosures in this Corrigendum. This Corrigendum does not reflect all the changes that have occurred between the date of filing of the UDRHP-I with the SEBI and the Stock Exchanges and the date hereof, and accordingly, does not include all the changes and/ or updates that will be included in the Updated Draft Red Herring Prospectus-II, Red Herring Prospectus, the Prospectus, and the abridged prospectus. The UDRHP-I will be suitably updated, pursuant to the aforementioned changes, in the Updated Draft Red Herring Prospectus-II, the Red Herring Prospectus, the Prospectus and the abridged prospectus as and when filed by our Company with the RoC, SEBI and the Stock Exchanges.

All capitalised terms used in this Corrigendum shall, unless the context otherwise requires, shall have the same meanings as ascribed in the UDRHP-I.

| BOOK RUNNING LEAD MANAGER | REGISTRAR TO THE OFFER |
|---|---|
| equirus | KFINTECH |
| **Equirus Capital Limited (formerly known as Equirus Capital Private Limited)**<br>Unit No. 2601B, 26th Floor, A Wing, Marathon Futurex, Mafatlal Mills Compound, N M Joshi Marg, Lower Parel, Mumbai - 400 013, Maharashtra, India<br>**Telephone:** +91 22 4332 0734<br>**Email:** steam.ipo@equirus.com<br>**Investor Grievance E-Mail:** investorsgrievance@equirus.com<br>**Website:** www.equirus.com<br>**Contact person:** Mrunal Jadhav / Rahul Wadekar<br>**SEBI Registration No.:** INM00011286 | **KFin Technologies Limited**<br>Selenium Tower B, Plot 31 & 32 Gachibowli, Financial District, Nanakramguda, Serilingampally, Hyderabad - 500 032, Telengana, India<br>**Telephone:** + 91-40-67162222/ 18003094001<br>**E-mail:** steamhouse.ipo@kfintech.com<br>**Investor Grievance E-mail:** einward.ris@kfintech.com<br>**Website:** www.kfintech.com<br>**Contact person:** M. Murali Krishna<br>**SEBI Registration No.:** INR000000221 |

For **STEAMHOUSE INDIA LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Shyam Bhadresh Kapadia**
Company Secretary and Compliance Officer

Place: Surat, Gujarat
Date: June 19, 2026

**STEAMHOUSE INDIA LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares ("**Offer**") defined above and has filed the UDRHP-I with SEBI and the Stock Exchanges on December 8, 2025. The UDRHP-I is available on the website of the SEBI at www.sebi.gov.in, the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, respectively, the website of the Company at https://steamhouse.in; and on the website of the Book Running Lead Manager ("**BRLM**"), i.e. Equirus Capital Limited (formerly known as Equirus Capital Private Limited) at www.equirus.com. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see ***"Risk Factors"*** beginning on page 34 of the UDRHP-I. Potential investors should not rely on the UDRHP-I filed with SEBI and the Stock Exchanges, and should rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.

This public announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This public announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("**U.S. Securities Act**"), or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in "offshore transactions" as defined in, and in reliance on, Regulation S under the U.S. Securities Act and applicable laws of the jurisdictions where such offers and sales occur. Any public offering of securities to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the issuer or the selling security holder and that will contain detailed information about the company and management, as well as financial statements. No public offering or sale of securities in the United States is contemplated. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be issued or sold except in compliance with the applicable laws of such jurisdiction.

Adfactors 141/26